સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

જાગીરદારી જુલ્મના એ વેઠીયા થઈ જાય છે,
યુદ્ધમાં દ્વાર તોડવા એ ઉંઠીયા થઈ જાય છે.
પોઠીયા થઈ જાય છે મહત્ત્વ વિના, 'રોડ' શો માં
કલાકારો માત્ર શોભાના ગાંઠીયા થઈ જાય છે...
(કલાકારો એ ખૂદનું - કલાનું સન્માન સાચવવું જોઈએ)

હાઈકુ

થાય અવજ્ઞા,
કલાનું પ્રદર્શન
પૈસા ના ભોગે...

લ્યો ! રોડ શો માં
કલા ને બેકદર -
દયાદ્ર દીઠી...

(રોડ શો ની શોભા)

ચિંતન

યત્ પરં બ્રહ્મ સર્વાત્મા વિશ્વસ્ય આયતનં મહત્ ।
સૂક્ષ્યાત્ સૂક્ષ્મતરં નિત્યં તત્ત્વમેવ ત્વમેવ તત્ ॥

ઉપરોક્ત શ્લોક કૈવલ્ય ઉપનિષયમાંથી લેવામાં આવેલ છે.

જે પરબ્રહ્મ છે, સર્વાત્મા છે, વિશ્વનો મોટો આધાર છે, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મતર અને શાશ્વત છે, તે તું છે અને તું તે જ છે. ગીતામાં પણ અર્જુન કહે છે કે તત્ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ । અહીંયા કહેવામાં આવ્યું છે કે જેમાંથી વિશ્વ, સાગરના તરંગોની જેમ સ્ફૂરે છે, તે પરમ તત્ત્વ તું જ છે. આમ કહી હવે જાતમાં શ્રદ્ધા રાખવાની વાત કરવામાં આવી છે.

'સિયારામ મય સબ જગ જાની' પૃથ્વી પરની બધી જ જીવંત કે મૃત વસ્તુઓ, વૃક્ષો પશુપંખી બધાં જ ઈશ્વરી તત્ત્વ રહેલું જ છે. આ દંષ્ટિ કેળવી જગત બધું જ બ્રહ્મ છે એમ સ્વીકારી ઈશ્વરના વ્યાપ ને ભજવું જોઈએ.

સુવિચાર

- અજ્ઞાન એક પ્રકારનું લાંબુ બાળપણ છે, જેમાં બાળપણની સુંદરતાનો અભાવ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હંમેશા ભાગ્યની રાહ કોણ જોઈ શકે છે ? એક ક્ષણ માટે શુભ અવસર આવે છે, આપણે તે ગુમાવી દઈએ છીએ અને મહિના અને વરસોનો નાશ થઈ જાય છે - **થોમસ કાર્લાઈલ**
- મને તો એવી કોઈ વ્યક્તિ દેખાતી નથી, જે પોતાના દોષ જોઈ શકે અને પોતાને અપરાધી સમજે - **કન્ફ્યુશિયસ**
- અવગુણનો સંપર્ક આપણી સારી આદતોને પણ દૂષિત કરે છે - **બાઈબલ**
- જીવો અને મરો કોઈ ઉત્તમ ઉદ્દેશ માટે પ્રામાણિક રહો અને પોતાની પાછળ ગુણોની સ્મૃતિ મૂકીને જાવ. જેને સમયની આંધીઓ કદી નષ્ટ ન કરી શકે - **ડો. શ્વાઈત્ઝર**
- સામાન્ય વ્યક્તિ વિચારનો દાસ છે, જયારે જ્ઞાની વિચારોનો સમ્રાટ છે ? - **જે. કૃષ્ણમૂર્તિ**
- આજનું ઔષધ : સર્પદંશ ઉપર નોળવેલના પાનનો રસ લગાડવાથી તેનું વિષ શરીરમાં પ્રસરતું નથી તથા રોગી તરત સ્વસ્થ થઈ જાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

એકવા કોઈ લગ્ન પ્રસંગે ખુશી ભેટમાં મળેલી બે આનાની દક્ષિણા લઈ બાળફણનો શ્યામ (સાને ગુરુજી) ઘરે આવ્યો. બે આના માતાનાં હાથમાં મૂક્યા. માતાએ શ્યાને પૂછ્યું, 'બે આના કયાંથી આવ્યા ?' શ્યામે કહ્યું 'લગ્ન પ્રસંગે ખુશી ભેટમાં મળ્યા છે તે...' માતાએ શ્યામને પાઠ ભણાવતા કહ્યું, 'આપણે ભલે ગરીબ છીએ પણ ભિક્ષુક નથી' આમ સમજાવી માતાએ બે આના શેરી વાળાનારાને આપી દીધા.

ગરીબીમાં પણ સ્વાભિમાન ન છોડવું, તથા મહેનત કર્યા સિવાય પૈસો લેવો નહીં. એવી શિખામણ મળી શ્યામને. સાને ગુરુજીએ કહ્યું, 'મારી માતાએ મને સ્વાભિમાન કેમ જાળવવું એ શીખવ્યું, લાચારી મૃત્યુ સમાન છે. બીજાનું લેવું નહીં પણ આપણી પાસે હોય તે અન્યને આપવું.'

બંધારણ નામે કિન્નાખોરીનો ઓછાયો

દિલ્હી રાજય વિધાનસભાના વીસ ધારાસભ્યોને 'લાભનું પદ' મેળવવાના 'ગુના' હેઠળ ચૂંટણી પંચે ગેરકાયદેસર ગણી એમનું સભ્યપદ રદ કરવાનો નિર્ણય કર્યો તે આપણી લોકશાહીનું એક વિશિષ્ટ અને વિચિત્ર સ્વરુપ પ્રગટ કરનારી ઘટના છે. અરવિંદ કેજરીવાલે આ મુદ્દે એમનો પુણ્ય પ્રકોપ પ્રગટ રતાં વાપરેલો શબ્દો હૃદયસ્પર્શી છે. 'આખા દેશમાં અમે જ ચોર - બાકીના બધા જ શાહુકાર', એવી નીતિ ચૂંટણીપંચથી લઈ સર્વોચ્ચ સત્તાધીશ અને બંધારણના રખેવાળ તરીકેની ફરજ બજાવતા રાષ્ટ્રપતિ સુધીના બધા જ પદાધિકારીઓએ અપનાવી એમાં કદાચ બંધારણની રૂએ ઔચિત્ય હશે, પરંતુ વહેવારું દંષ્ટિએ આ કેજરીવાલ અને એમના સાથીઓ સામેની કિન્નાખોરી દર્શાવતું પગલું જ વરતાય છે. કેજરીવાલનો ઉદય અણ્ણા હજારેની જન લોકપાલ ચળવળમાંથી થયો હતો. અણ્ણા હજારેએ જોકે કેજરીવાલને પાર્ટી બનાવવાની ના પાડી હતી, પરંતુ ઉત્સાહી કેજરીવાલે 'આમ આદમી પાર્ટી'ની રચના કરીને દિલ્હી વિધાનસભાની ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો. એથી એમની અને અણ્ણાનાં બીજાં કૃપાપાત્ર ભારતનાં પ્રથમ મહિલા આઈપીએસ કિરણ બેદી વચ્ચે પણ વૈમનસ્ય સરજાયું હતું. પરંતુ કેજરીવાલ એમના મનીષ સિસોદિયા અને કુમાર વિશ્વાસ જેવા સાથીઓના બળ પર દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પહેલા જ ટ્રાયલે 'પાસ' થઈ ગયા હતા. તેઓ કોંગ્રેસના સમર્થનથી મુખ્યમંત્રી બન્યા હતા. પણ એ પછીના વિવિધ ઘટનાક્રમમાં એ સરકારનો વીંટો વાળી દઈ વડાપ્રધાન પદના ભાજપના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે વારાણસીથી લોકસભાની ચૂંટણી લડ્યા હતા. મોદી સામે ચૂંટણીમાં હાર્યા પછી વિધાનસભાની ફરીવાર થયેલ ચૂંટણીમાં પોતાની ભૂલોનો નિખાલસ એકરાર કરી કેજરીવાલ જંગી બહુમતીથી વિજેતા થયા હતા. કુલ ૭૦ પૈકીની ૬૭ બેઠકો આમ આદમી પાર્ટીના ફાળે જતાં આટલા બધા ધારાસભ્યોને સાચવવા કઈ રીતે એ પ્રશ્ન પણ હતો. એટલે

તંત્રીસ્થાનેથી...

એમણે મંત્રીમંડળમાં ન લઈ શકાયા એવા મહત્ત્વાકાંક્ષી ધારાસભ્યોને સંસદીય સચિવ પદે નિયુક્ત કર્યા હતા. સંસદીય સચિવો તરીકે ધારાસભ્યો અને સાંસદોને નિમણૂંક આપવાની પ્રથા નવી નથી. ગુજરાતમાં આ પ્રકારના સંસદીય સચિવો કોંગ્રેસ તથા ભાજપ - બેઉની સરકારોમાં નિમાયેલાં છે અને એમને નાયબ મંત્રી કે રાજયકક્ષાના મંત્રીઓને મળતી સુવિધાઓ અપાતી રહી છે. હજી હમણાં જ રચાયેલી વિજય રૂપાણીની સરકાર પૂર્વે આનંદીબેન પટેલની અને પછીની રૂપાણી સરકારમાં આઠ જેટલા ભાજપના ધારાસભ્યો સંસદીય સચિવપદે કાર્યરત હતા. દેશનાં અન્ય રાજયોમાં પણ આ રીતે ધારાસભ્યોને સંતોષ આપવાનો પ્રયાસ કરાતો રહ્યો છે. પ્રસ્થાપિત ધારાધોરણ મુજબ ૧૫ ટકા ધારાસભ્યોને મંત્રીપદ આપી શકાતું હોય ત્યારે બીજાઓને બોર્ડ - કોર્પોરેશનો અને સંસદીય સચિવ પદની લહાણી કરવાનો એક વણલખ્યો નિયમ ભારતીય લોકશાહીએ સ્વીકારી લીધેલો છે. અહમદ પટેલ જેવા વરિષ્ઠ નેતા પણ કયારેક કેન્દ્ર સરકારની રાજીવ ગાંધી સરકારમાં સંસદીય સચિવ પદ ભોગવી ચૂક્યા છે. આ બધુંબધા જ લોકોને સર્વવિદિત હોવા છતાં, 'આપ'ના વીસ ધારાસભ્યોને આ 'લાભ' પદ પર રહેવા બદલ ધારાસભ્ય પદેથી બરતરફ કરવાનો નિર્ણય ચૂંટણીપંચ આપતું હોય અને રાષ્ટ્રપતિ પણ કેજરીવાલે બધા આધાર પુરાવા રજૂ કર્યા છતાં ચૂંટણીપંચના નિર્ણયને માન્ય ઠેરવતા હોય ત્યારે આખી બાબત કોઈ સર્વોચ્ચ સત્તાધીશના ઈશારે થઈ રહી હોવાની શંકાને વજૂદ સાંપડે છે. ચૂંટણી પંચ કે રાષ્ટ્રપતિએ સામેની પાર્ટીને સાંભળવાની પણ દરકાર નથી કરી તે જ શું સૂચક નથી? અલબત્ત, બંધારણીય વ્યાખ્યા મુજબ કદાચ એ લાભનું પદ જ હશે, પણ તો પછી અઢાર અઢાર રાજયોમાં એ પદ ભોગવી ચૂકેલા અને ભોગવી રહેલાઓ સામે કેમ કોઈ કાર્યવાહી નથી થતી ? કેજરીવાલને 'કટ ટુ સાઈઝ' કરવાની અને એમની હેસિયતમાં રહેવાની ચીમકી આપવાનો જ ઈરાદો હોય તો પણ તે જરૂર લોકશાહી સામે ખતરાની ઘંટી જેવી જ બાબત ગણાવી જોઈએ. બંધારણના નામે પણ ત્રાસવાદ સરજી શકાય તે આનું નામ!

મને શું ખોટ જવાની, એવો વ્યક્તિ પોતે જ ખોટ ખાશે...

નીલાબહેન અને શશીકાંતભાઈ સ્લીપર કોચમાં મુસાફરી કરી રહ્યા હતા. કેમકે એ.સી.માં રીઝર્વેશન થઈ શક્યું ન હતું. તેમને મુંબઈમાં એક સામાજિક પ્રસંગમાં પહોંચવું અનિવાર્ય હતું. ગાડી ઉપડતાંની સાથે જ ચ્હા, કોફી, બિસ્કીટ અને ઠંડા પીણા તેમજ ફળફળાદી વેચનાર ફેરિયાઓ બુમો પાડતા કોચમાં ફરવા લાગ્યા હતા. જેને જે જોઈતું હોય તે લઈ લેતાં હતા. એ જ રીતે જુદી જુદી ચીજ વસ્તુઓ વેચતો એક અંધ દિવ્યાંગ વ્યક્તિ પણ આવ્યો. તેનો ડાબો હાથ પણ કોણીએથી કપાયેલો હતો. તેણે અમુક ચીજોને પોતાના ગળામાં લટકાવી રાખી હતી. અમુક પોતાના જમણા હાથમાં અને થોડી ખભા ઉપર લટકાવેલા થેલામાં ભરેલી હતી. તે નિરંતર વસ્તુઓના નામો બોલતો પસાર થઈ રહ્યો હતો. જે વ્યક્તિને જે વસ્તુઓ જોઈતી હતી તે તેની પાસેથી લઈ લેતા હતા અને જે વસ્તુની જેટલી કિંમત કહે તેટલા પૈસા તેના હથેળીમાં મુકી દેતા હતા. ચક્ષુહિન વ્યક્તિ પૈસા ચૂપચાલ પોતાના પેંટના ખિસ્સામાં મુકી દેતો હતો અને મોટેથી વસ્તુના નામ લેતો આગળ વદતો હતો. નીલાબહેન અને શશીકાંતભાઈને તેને જોઈને એ વાત બહુ ગમી કે બંને આંખે દેખાતું ન હોવા છતાં અને એક હાથ ન હોવા છતાં તે ભીખ માંગતો ન હતો. પણ મહેનત કરી પૈસા કમાતો હતો. સામાન્ય રીતે એવું જોવામાં આવે છે કે સાજા સમા સ્વસ્થ લોકો ભીખ માંગતા હોય છે. આપણા દેશમાં તો એ રિવાજ ખુબ મોટા પ્રમામ છે. ખાસ કરીને તમે કયાંક યાત્રાએ જાવ ત્યાં આવા લોકો લાઈનો લગાવીને બેસી ગયા હોય છે. અમુક ભીખારીઓ તો એવી રીતે ચોંટી પડે છે કે તેમનાથી પીછો છોડાવવાનું બહુ મુશ્કેલ હોય છે.

નીલાબહેન તે વ્યક્તિથી ખુબ જ પ્રભાવિત થયા, તેમણે તેને પોતાની પાસે બોલાવી રસપૂર્વક તેના વખાણ કર્યા અને કહ્યું, 'ભાઈ, હું તારાથી ખૂબ પ્રભાવિત થઈ છું. તમે બંને આંખે જોઈ શકતા નથી અને વળી ડાબો હાથ પણ નથી છતાં ભીખ માંગવાની જગ્યાએ આટલો પરિશ્રમ કરો છો તે અમારા માટે બહુ પ્રેરણાદાયક છે.'

'બહેન, હું ભીખ માંગવી તેને પાપ સમજું છું.' મારા બે નાના નાના બાળકો પણ છે તેમનામાં પણ હું ભીખ માંગવાના નહીં પણ મહેનતથી રોજીરોટી કમાઈને ભરણપોષણ કરવાના સંસ્કારો આપી રહ્યો છું. જો હું ભીખ માંગીશ તો કાલે એ લોકો પણ એમ જ કરશે.' પેલા વ્યક્તિએ કહ્યું.

'બહુ સરસ, તમારા વિચારો ખુબ ઉમદા છે.'

'બહેન, એક બીજી વાત મહેનત કરનાર ઉપર પરમાત્મા હંમેશા તેની કૃપા વરસાવતા રહે છે અને કામ કરે તેવા હોય છતાં ભીખ માંગતા લોકો પર પરમાત્માની કૃપા કયારેય થતી નથી હોતી.' પેલો વ્યક્તિ કોઈ દાર્શનિકની અદાથી બોલી રહ્યો હતો.

નવાં કલેવર
નટવર હેડાઉ

નીલાબહેને ફરી એકવાર તેની પ્રશંસા કરી અને તેની પાસેથી ઘણી બધી ચીજવસ્તુઓ ખરીદી લીધી. જેમાં અમુક ચીજો એવી હતી જેની તેમને વધુ કંઈ જરૂરિયાત ન હતી. બસ તેનો ઉત્સાહ વધારવા માટે નીલાબહેને આવું કર્યું.

'ભાઈ, કેટલા રૂપિયા થયા ? નીલાબહેને બધો સામાન સમેટતાં કહ્યું.'

નીલાબહેને તેને પૈસા આપી દીધા. અને તેણે એ પૈસા ચૂપચાલ પોતાના ખિસ્સામાં મૂકી દીધા. અને ફરી તે મોટે મોટેથી વસ્તુઓના નામો બોલતો આગળ વધવા લાગ્યો. તે વખતે નીલાબહેને બુમ પાડી ફરી તેને બોલાવ્યો.

'ભાઈ, જરા વાત સાંભળોને...'

'હાં બોલો, બીજું કંઈ લેવાનું છે ?'

'ના, પણ એકવાર પુછવી છે.' નીલાબહેને કહ્યું.

'હા.. હા.. પુછો...'

અનુસંધાન પાના નં. ૭ પર

જીવ, પ્રાણી માત્ર પ્રત્યે દયા-અનુકંપા

એક દસેક વર્ષના છોકરાની વાત છે. મંદિરની બહાર ફૂલહાર લઈને તે વેચવા બેસતો. બીજા બે-ત્રણ ફૂલવાળા પણ મંદિરની બહાર બેસતા. પરંતુ બધા કરતા તેના ફૂલહારનો ભાવ હંમેશા ઓછો રહેતો. એક માજી હંમેશા આ છોકરા પાસેથી જ ફૂલહાર ખરીદતા. એક દિવસ છોકરો દેખાયો નહિ, આથી માજીએ બીજા ફેરિયાઓને તેના વિશે પુછપરછ કરી તો જાણવા મળ્યું કે તેની મા બીમાર હોવાથી તે આવી શકતો નથી. કેમ કે મા ફૂલો વીણી લાવે અને ફૂલહાર બનાવી આપે છે, જેને વેચવા માટે એ છોકરો રોજ સવારે મંદિર બહાર બેસતો હોય છે.

થોડાક દિવસ પછી જ્યારે મંદિરની બહાર છોકરો દેખાયો કે તરત માજીએ પુછ્યું કે તે શા માટે બીજા જેટલો ભાવ લેતો નથી અને સાવ સસ્તામાં ફૂલહાર વેચે છે?

છોકરાએ ખુબ સરસ જવાબ આપ્યો કે "મારા પરિવારમાં હું અને મારી મા જ છીએ. મારી મા વહેલી પરોઢે વનવિસ્તારમાં જઈને તાજાં ફૂલો ચૂંટી લાવે છે અને તેના ફૂલહાર બનાવી આપે છે, જે વેચવા માટે હું અહીં મંદિરની બહાર બેસું છું. મારી માએ મને શીખવ્યું છે કે જરુર પૂરતા જ પૈસા લેવા એ પણ ભગવાનની સેવા-પૂજા જ છે. મને ફૂલહારના વેચાણમાંથી જે રકમ મળે છે, એમાંથી મારું અને મારી માનું કામ ચાલી જાય છે. પછી વધારાના પૈસા લઈને શું કરવાનું?" કદાચ તેના જવાબમાં જ બધા ધર્મનો સાર અને માનવધર્મનો મર્મ આવી ગયો.

સ્વામી રામકૃષ્ણ પરમહંસ (૧૯૩૬-૧૯૮૬)એ કહ્યું છે કે "જીવમાત્રમાં અને અણુએ અણુમાં ભગવાન રહેલા છે, એમ માનીને સર્વ કાર્ય કરવું. જીવ પ્રાણી માત્ર પ્રત્યે દયા, અનુકંપા રાખવી." ૧૯મી સદીમાં થઈ ગયેલા આ મહાન સંતને સ્વામી વિવેકાનંદજીએ પોતાના ગુરુપદે સ્થાપ્યા હતા. સ્વામી રામતીર્થને પરમહંસની ઊપાધિથી સન્માનવામાં આવ્યા હતા. તેઓ અદ્વૈતમાર્ગ, વેદાન્તમાર્ગ, ભક્તિમાર્ગ અને તંત્રવિદ્યાના મરમી અને આકંઠ ઉપાસક હતા.

ભગવાન સ્વામીનારાયણના વચનામૃત ગઢડા મધ્યના ૨૧માં ધર્મ-અધ્યાત્મનું સુક્ષ્મ જ્ઞાન સરળ બાનીમાં સમજાવવામાં આવ્યું છે.

> **ભગવાન આપણા જેવા થઈને માનવ અવતાર ધરીને આવે છે, રહે છે, વિચરે છે, ખાય છે, પીવે છે ને વાતો પણ આપણી જેમ જ કરે છે. સઘળી લીલા કરે છે તેથી આપણને સદેહે આવેલા ભગવાનનો મહિમા થતો નથી.**

ભગવાન અક્ષરધામથી સદેહે આવ્યા છે એ પોતાનું સઘળું ઐશ્વર્ય ઢાંકીને આવ્યા છે. જો સકળ બ્રહ્માંડના આધિપતિ – સ્વામી પોતાના સઘળા ઐશ્વર્યે સહિત આવે તો શું થાય? આપણે ત્યાં આલોકના કોઈ મોટા માણસ જેમ કે રાષ્ટ્રપતિ અથવા વડાપ્રધાન થોડા કલાકો માટે પણ શહેરની મુલાકાતે આવ્યા હોય ત્યારે તેમની સાથે કેટલો કાફલો અને રસાલો હોય છે? જ્યારે આ તરફ તો સ્વયં ભગવાન પરલોકથી આલોકમાં આવ્યા હોય છે.

ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણ અવતારીપુરુષ છે. ભગવાને "શ્રીમદ્ ભગવદ ગીતા"માં વચન આપ્યું છે કે "સંભવામિ યુગે, યુગે..." જ્યારે જ્યારે જગત ઉપર અધર્મ વધી જાય ત્યારે ધર્મની સંસ્થાપના માટે માનવ અવતાર ધરીને આવવાનું ભગવાનનું અભયવચન છે. ભગવાન આપણા જેવા થઈને માનવ અવતાર ધરીને આવે છે, રહે છે, વિચરે છે, ખાય છે, પીવે છે ને વાતો પણ આપણી જેમ જ કરે છે. સઘળી લીલા કરે છે તેથી આપણને સદેહે આવેલા ભગવાનનો મહિમા થતો નથી.

ગુલમહોર
દિનેશ દેસાઈ

શ્રીજી મહારાજે ગોપીનાથજી મંદિરના બાંધકામ વેળા માથે પથ્થર ઉપાડીને સેવા કરી. શાસ્ત્રીજી મહારાજ ચોકા વાળી નાખવાની સેવા કરતા. યોગીજી મહારાજ રોટલા બનાવવાની સેવા કરતા. પ્રમુખ સ્વામી મહારાજ વાસણ ઉટકવાની સેવા કરતા. સેવક થઈને અને માનરહીત ભક્તિ અથવા સેવા કરીએ, તેનું મૂલ્ય અનેકગણું છે. જેના ઉપર ભગવાનની પ્રસન્નતા હોય તેના પર સૌની પ્રસન્નતા રહે.

શ્રીજી મહારાજે વચનામૃત મધ્યના ૨૪મા કહ્યું છે કે નાશવંતમાં પ્રીતિ કરીએ તો નાશ નક્કી જ છે. અવિનાશી સાથે પ્રીતિ કરી હોય તો શાશ્વત ધામની પ્રાપ્તિ થાય. ભગવાન સાથે સીધો સંબંધ હોય તો ઉગરી જવાય. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે નાશવંતનું મૂલ્ય નર્કતૂલ્ય છે. ભગવાન અને સંત સિવાય બીજું બધું નર્કતૂલ્ય છે. વચનામૃત ગઢડા પ્રથમના ૩૨માં પંચ વિષય વિના રહેવા કહ્યું છે. ભગવાનના ભક્તને ભગવાન અને સંત સંબંધી પંચ વિષય જો હોય તો જીવ સુખીયો થઈ જાય.

વચનામૃત ગઢડા પ્રથમના ૮માં પણ કહ્યું છે કે ભગવાન અને સંતની સેવામાં ઈન્દ્રિયો રાખવાથી અંતઃકરણ શુદ્ધ થઈ જાય છે. સંસારના વિષયો વિશે વચનામૃત પ્રથમના ૧૮માં શ્રીજી મહારાજે કહ્યું છે. વચનામૃત મધ્યના ૧૩મા કહ્યું છે કે "સંગ્રહમાંથી વિગ્રહ થાય છે. એકાનન્તિક ધર્મ આને આ દેહે જ સિદ્ધ કરવો છે એ દૃઢતા રાખવી." પ્રમુખ સ્વામી મહારાજ કહેતા કે "ભગવાન અને સંતને રાજી કરવા, એનાથી કોઈ બીજો ઉત્તમ વિચાર નથી."

જસ્ટ ટ્વીટઃ-

"ખોટી વસ્તુનો ત્યાગ કરવો અને સાચી વસ્તુ ગ્રહણ કરવી." – શ્રીજી મહારાજ

ઈન્સાન બનો...!! હમારા ધરમ એક હૈ, મઝહબ એક હૈ... ઈન્સાનિયત...!!

રસ્તા પર સળગાવેલી બસના ધુમાડાથી એક કાગડાનું બચ્ચું બેભાન થઈ ગયું. એના પપ્પા એને ઉપાડીને લીંમડાને ઝાડે આવેલા માળામાં લઈ ગયાં. કુદરતી પવન મળતાં જ એને ઠીક લાગવા માંડ્યું પણ અશક્તિ હતી. એના પપ્પા એના માટે પાછળ માછલી ખાવા લઈ આવ્યા. એ જે પડીકામાં ખાવાનું લાવ્યા હતા ત્યાં જાત જાતનાં માણસોના અને અન્ય ચિત્રો હતા. બાળ કાગડો એને જોતાં ખુશ થયો અને બોલ્યો, 'પપ્પા મને આ ચિત્રો બતાવો અને સમજાવોને શું છે ?'

'જો બેટા, આ જે સળગેલી બસના ધૂમાડાથી તું બેભાન થયો એ આ રાણી પદ્માવતી ફિલ્મની સળગેલી આગ છે. આ છે ને દિપીકા પાદુકોણે છે. કરણી સેનાને એ રાણીની ફિલ્મ સામે વાંધો છે, એમના સમાજની આમાન્યા ઘવાય છે.' પપ્પાની વાતને વચ્ચે કાપતાં જુનિયર કાગડો બોલ્યો, 'પણ હેં પપ્પા વાંધો ફિલ્મ સામે છે, એને શું એની હીરો-હીરોઈન બસમાં ફરે છે તે એને સળગાવે છે? દરબાર તો બહાદુર કહેવાય, તો એ બસ સળગાવી ને કેમ બહાદુરી બતાવે ?'

'જવા દે બેટા તને નહીં સમજાય. આ જો પ્રવીણ તોગડિયા. એકદમ ફાયર બ્રાંડ હિંદુ નેતા. એન્કાઉન્ટરની બીકથી ભાગી ગયાનો ફોટો છે.'

'પણ અત્યારે તો હિંદુ સમ્રાટનું જ રાજય છે ને? તો પછી તેઓ કેમ ભાગ્યા ? અને આ તો એમનો રડતો ફોટો છે. પપ્પા કઈ સમજાવો ને? એમ રડાતું હશે? હજુ તો જે રામમંદિરના નામે જીત્યા છે, એ બાંધવાનું કામ આપણે કરવાનું છે.'

'એ બધું તારે નહીં વિચારવાનું. આ જો ફૂલોની નગરી. કેટકેટલાં પ્રકારના ફૂલો અને એનું અદ્‌ભૂત પ્રદર્શન યોજાયું છે. કેટલાં બધાં લોકો આવ્યાં છે.'

'પણ આ પ્રદર્શનનો ખર્ચ કોણ ઉપાડે છે ? મારાં માટે તમે ખાવાનું લાવો છો. આ બધાંના રહેવા-ખાવાના ખર્ચાનું શું ? અને આ તો બે દિવસમાં ફૂલો કરમાઈ ના જાય ?' કાગડાનું બચ્ચું કાગડા જેવું જ ને ?

'આ વિરાટ કોહલી જોયો ?' બેસ્ટ ક્રિકેટર ઑફ ધ ઈયર બન્યો છે. એના કારણે આપણી ટીમ ચેમ્પિયન બની છે.'

'પણ પપ્પા હમણાં ટીવીમાં જોયું હતું કે આફ્રિકા સામે તેઓ સળંગ બે વિરાટ પરાજય મેળવી ચૂક્યો છે. આ લોકો નબળી ટીમ સામે જ જીતે છે એવું તો નથી ને ? અને આ રોડ પર જીપમાં કયા રાજાની સવારી નીકળી છ?'

> **કોકાહલોની વચ્ચે, આ કાનનું ગજું શું ?**
> **ને ચીસ સાવ મૂંગી ! દેખાય છે ઘણું છે.**
> **બેફામ હાસ્ય બહાર, સન્નાટા સાવ અંદર!**
> **આવી સ્થિતિ તમારી, ના થાય તો ઘણું છે!**
> **- ડૉ. મનોજ એલ. જોષી**

'અરે ! એ તો મોદી મહારાજ અને ઈઝરાયેલના નેતન્યાહુ વડાપ્રધાન છે. એ બંને નગરચર્યાએ નીકળ્યા છે.'

'પણ આમ ટ્રાફિક જામ કરીને ? હજારો લોકોને રસ્તે રોકીને કે બીજા રસ્તે વાળીને આમ નીકળાતું હશે ? પણ એમની સાથે આ અલગ પ્રકારની જીપ શેની છે?'

'એ છે ને ખારાં પાણીને પીવાના પાણીમાં બદલે છે.'

'હા, તો આ રોડ શોની કાર કરતાં આવી જીપો વસાવે તો કેટલું સારું? બધાંને ચોખ્ખું પીવાનું પાણી મળે. આપણને કૂંજામાં કાંકરા નાંખવાની જરૂર ના પડે. આપણે સ્ટ્રોથી પાણી પી શકીએ... અને આ બા કોણ છે?'

'એ બા નથી, ગુજરાતના મહિલા મુખ્યમંત્રી હવે મધ્યપ્રદેશના ગવર્નર બની ગયાં છે.'

'એમને ત્યાં ખાવાનું મળશે ? અને આ ત્રણ સુપરસ્ટાર જેવા દેખાતા હીરો કોણ છે?'

Hello ફ્રેન્ડસ!
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

'એક છે ને એ દલિત નેતા છે. એ અપક્ષમાંતી જીતી ગયો છે. હવે એ પણ દલીતને ભડકાવીને, ઝેર ઓકતાં ભાષણો કરીને બાબા આંબેડકર થવાના સ્વપ્નાં જોઈ રહ્યો છે. પોતાનો મત વિસ્તાર સુધારવાનું છોડી દેશમાં હીરો બનવા નીકળ્યો છે.'

બીજો પણ એમના ઠાકોર સમાજને વ્યસન મુક્ત કરીને રાજા રામમોહનરાય બનવા જઈ રહ્યો છે. એણે સમાજને કોકના ઈશારે અવળે માર્ગે દોરવાનું કામ ઉપાડ્યું છે. આ બધાંમાં ત્રીજો છે એણે તો પાટીદારમાં વટ પાડી દીધો છે. લાખોની મેદની ભેગી કરી મેન અને મની પાવર દેખાડ્યો છે. એના સમાજને અનામતનું ગાજર બતાવી પોતે ગાજરનો હલવો ખાતો થઈ ગયો છે.'

'પપ્પા, આ માણસો આટલા હોંશિયાર છે તો કોક દિવસ એમનું માંસ ખવડાવોને? મેં બધા જનાવરોનું માંસ ખાધું છે, પણ આનો સ્વાદ તો ચાખ્યો જ નથી.'

'હાં બેટા, મેં જીવનમાં ત્રણેક વખત માણસનું માંસ ખાધું છે. ખૂબ ટેસ્ટી હોય છે.'

'હું તને ખવડાવીશ, પણ થોડી રાહ જોવી પડશે. હું જેમ કરીશ એમ તારે કરવું પડશે. આ ચતુરાઈ મને વારસામાં મળી છે. હું તને પણ શીખવીશ.'

બચ્ચાં કાગડાને સુવડાવીને પપ્પા તો ઉડી ગયા. બે કલાક બાદ તેઓ માંસના એક મોટાં ટૂકડાં સાથે પાછાં ફર્યાં. એણે એનાં બે ટૂકડાં કર્યાં. એક પોતાના મોંમાં અને બીજો બચ્ચાંને આપ્યો. મોંમાં નાંખતા જ બચ્ચું બોલ્યું, 'છી ! પપ્પા કેવું લઈને આવ્યા છો. આ મારે નથી ખાવું.'

'અરે ! બેટા એ ખાવા માટે નથી. આ ટૂકડામાંથી તો આપણે ઢગલો માંસ તૈયાર કરીશું અને પછી ખાઈ પીને જલસા !'

'એક ટૂકડામાંથી માંસનો ઢગલો માણસનું માંસ ખવડાવશે.'

થોડીવાર બાદ કાગડો એક માંસનો ટૂકડો જઈને મંદિરમાં નાંખી આવ્યો. પાછો આવી બીજો ટૂકડો ઉપાડી એક મસ્જિદમાં ફેંકી આવ્યો. પછી ઝાડ પર આવીને બચ્ચા સામે ખંધુ હસતા લાંબા પગ કરીને આરામથી બેસી ગયો. 'જો બેટા, આવતીકાલ સવાર સુધી તને માણસના માંસનો માત્ર ટેસ્ટ નહીં પેટ ભરીને ખાવા મળશે. આપણો આખો સમાજ કાલે ઉજવણી કરશે.'

થોડીવારમાં તો ઠેકઠેકાણે રાડરાડા, કાપાકાપી અને અંધાધૂંધી ફેલાઈ ગઈ. કોઈને કોઈનું કશું સંભળાતું નહોતું, કોઈ કોઈનું સાંભળી લેવા તૈયાર નહોતું. ફક્ત ધર્મના નામે બધાં ઝઘડવા લાગ્યા હતા. ધર્મના નામે લોહીની હોળી રમવાની શરુ થઈ હતી... મા-બાપ-ભાઈ-બહેન-પડોશી-મિત્ર-વિદ્યાર્થી આવા કોઈ સંબંધોને ધ્યાનમાં ન રાખતા માત્ર ધર્મ જોઈને એકબીજા પર વાર ચાલુ હતા. 'અમારા ધર્મનું અપમાન કર્યું? બદલો લેવો જ જોઈએ.'

અનુસંધાન પાના નં. ૭ પર